# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-09-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM – જળ શક્તિ મંત્રાલય

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં જળશક્તિ મંત્રાલયના વિભાગીય સંમેલનના સમાપન સત્રમાં ઉપસ્થિત રહ્યા. બે દિવસીય વિભાગીય સંમેલન પ્રધાનમંત્રી દ્વારા કલ્પના કરાયેલ વિભાગીય સમિટની શ્રેણીમાં પ્રથમ હતી, જેનો હેતુ ટીમ ઇન્ડિયાની ભાવનાને મજબૂત બનાવવા, સહકારી સંઘવાદને વધુ ગાઢ બનાવવા અને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ગાઢ સહયોગ દ્વારા રાષ્ટ્રીય પ્રાથમિકતાઓની સામૂહિક માલિકીને પ્રોત્સાહન આપવાનો હતો.

**---------------------------------------------------------------------------------------**

## CM- મંત્રીમંડળની બેઠક

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં કચ્છ, જામનગર અને દેવભૂમિ  દ્વારકા સહિતના ઓછા વરસાદવાળા વિસ્તારોમાં પાણી અને ઘાસચારાની સ્થિતિની ચર્ચા કરવામાં આવી. પત્રકારો સાથેની વાતચીતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, મુખ્યમંત્રીએ ઓછા વરસાદના કારણે સર્જાયેલી સ્થિતિની સમીક્ષા કરી પીવાના પાણી અને પશુઓ માટે ઘાસચારાની ઉપલબ્ધતા અંગે સંબંધિત વિભાગને સૂચના આપી.

**---------------------------------------------------------------------------------------**

## ના.મુખ્યમંત્રી – પ્રવાસન સ્થળોનો વિકાસ

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસ માટેની 10 મહત્વની વિકાસ પરિયોજના માટે કરોડો રૂપિયાના વિકાસકાર્યોને સૈદ્ધાંતિક મંજૂરી આપી. તે અંતર્ગત કચ્છના અંજારમાં ગોવર્ધન પર્વત વિકાસ પરિયોજના સહિત વિવિધ જિલ્લામાં આવેલા 10 ધાર્મિક અને ઐતિહાસિક સ્થળ પર યાત્રાળુ સુવિધાઓ અને નવનિર્માણનું કામ હાથ ધરાશે.

---------------------------------------------------------------------------------------

## દ્વારકા જન્માષ્ટમી પર્વની ઉજવણી

રાજયભરમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના મહાપર્વને લઈને વિશેષ તૈયારીઓ સાથે વહીવટી તંત્ર સજ્જ છે. દ્વારકાધીશ જગત મંદિર અને બેટ દ્વારકા ખાતે ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. 2 હજાર  જેટલા પોલીસકર્મીઓ સાથે અત્યાધુનિક ડ્રોન કેમેરાથી સમગ્ર વિસ્તાર પર બાજ નજર રાખવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## ભુજ ખાતે મેળાનો પ્રાંભ

હમીરસર તળાવના કાંઠે વર્ષો જૂની પરંપરા મુજબ સાતમ-આઠમના મેળાનો આજથી ઉત્સાહભેર પ્રારંભ થશે. નગરપાલિકાના પ્રમુખ, કારોબારી ચેરમેન, નગરસેવકો અને લોકપ્રતિનિધિઓના હસ્તે વિધિવત ઉદ્ઘાટન બાદ મેળો જાહેર જનતા માટે ખુલ્લો મુકાશે. ભુજ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં લોકો  મેળાની રંગત માણવા ઉમટી પડશે.

શ્રાવણ માસના પાવન પર્વ નિમિત્તે યોજાતા આ મેળામાં આજે શીતલા સાતમનું વિશેષ મહત્ત્વ જોવા મળે છે. ઉપલી પાળ, પારેશ્વર ચોક ખાતે આવેલા ઐતિહાસિક શીતલા માતાજીના મંદિરે સવારથી જ શ્રદ્ધાળુઓની લાંબી કતારો જોવા મળે છે. ખીચડો અને કુલેરનો નૈવેદ્ય ધરાવીને મહિલાઓ પરિવારની સુખ-શાંતિ અને આરોગ્ય માટે પ્રાર્થના કરે છે. રાજાશાહી વખતના સમયથી હમીસરના ફરતે અને પાળ વિસ્તારમાં આ મેળો ભરાય છે.

તો રાજકોટના રેસકૉર્સ મેદાનમાં ગઈકાલથી  જન્માષ્ટમીના પરંપરાગત લોકમેળાનો પ્રારંભ કરાયો છે. આગામી છ સપ્ટેમ્બર સુધી યોજાનારા લોકમેળામાં પહેલીવાર વિશ્વભરમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે જાણીતા ભારતીય નેવીબૅન્ડ પ્રથમ બે દિવસ દેશભક્તિના સૂર રેલાવશે.

--------------------------------------------------------------------------------

## મેળાના કારણે ટ્રાફિક વ્યવસ્થા

ભુજમાં સાતમ-આઠમના મેળાને લઈને ટ્રાફિક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો છે.હમીરસર આસપાસના માર્ગો તા. ૦૩/૦૯/૨૦૨૬ થી તા. ૦૪/૦૯/૨૦૨૬ દરમિયાન વાહન વ્યવહાર માટે બે દિવસ બંધ રહેશે.

પાટવાડી નાકા,મંગલમ કે રઘુવંશીનગર તરફથી આવતા વાહનો મંગલમ ચાર રસ્તા થઈ કોલેજ રોડ તરફ જઈ શકશે. ટાઉન હોલ તરફથી આવતા વાહનો જ્યુબિલી સર્કલ થઈ વી.ડી. હાઈસ્કૂલ માર્ગનો ઉપયોગ કરી શકશે.બસ સ્ટેશન તરફથી હમીરસર તળાવના તરફ જતા વાહનો મહાદેવ નાકાથી ઉપલીપાળ થઈ પાટવાડી ગેટ અથવા ઓપન એર થિયેટર થઈ વી.ડી. હાઈસ્કૂલ માર્ગ તરફ જઈ શકાશે.

તંત્ર દ્વારા નાગરિકોને અસુવિધાથી બચવા અને ટ્રાફિકજામ નિવારવા વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

---

## ના.સરોવર – સતાપર ખાતે કૃષ્ણ જન્મોત્સવ

પૌરાણિક તીર્થધામ નારાયણ સરોવર ખાતે પરંપરા અનુસાર કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે. કૃષ્ણ જન્મોત્સવની ભગવાન ત્રિવિક્રમરાયજી મુખ્ય મંદિરમાં ઉત્સવની તડામાર તૈયારીઓ આરંભાઈ છે. મંદિર પરિસરને ફૂલો અને લાઈટિંગથી શણગારવામાં આવી રહ્યા છે. તા. 4/9ના રાત્રે 10 કલાકે રાસોત્સવ અને રાત્રે 12 કલાકે પરંપરા અનુસાર જન્મોત્સવ, મટકી ફોડના દર્શન થશે.

તો અંજાર તાલુકાના સતાપરમાં ગોવર્ધન તળેટી ખાતે તા. 5/9ના સવારે 10 કલાકે નંદ મહોત્સવની ઉજવણી કરાશે. કૃષ્ણ જન્મોત્સવ નિમિતે ગોવર્ધન તળેટીની ફરતે 11 મટકી બાંધવામાં આવશે, જેમાં મટકી ફોડનો પરંપરાગત કાર્યક્રમ યોજાશે. સાથે સમગ્ર દિવસ વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક, ભજન-સત્સંગ, ધાર્મિક કથા, વનભોજન, રાસ ઉત્સવ સહિતના કાર્યક્રમો યોજાશે.

---